Signature of Invigilators

1. ................................

2. ................................

Roll No. [ ] [ ] [ ] [ ] [ ]

(In figures as in Admit Card)

Roll No. ................................

................................

(In words)

# EDUCATION

## Paper II

# D—1302

Name of the Areas/Section (if any) ................................

Time Allowed : 75 Minutes] [Maximum Marks : 100

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of *fifty* **(50)** multiple choice type questions. *All* questions are compulsory.
3. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter 'A' should entirely be contained within the corresponding square.

   Correct method [A] Wrong Method [A or [A]
4. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under paper II only
5. Read instructions given inside carefully.
6. One sheet is attached at the end of the booklet for rough work.
7. You should return the test booklet to the invigilator at the end of paper and should not carry any paper with you outside the examination hall.

SEAL

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

૧. આ પૃષ્ઠના ઉપલા ભાગે આપેલી જગ્યામાં તમારી ક્રમાંક સંખ્યા (રોલ નંબર) લખો.

૨. આ પ્રશ્નપત્રમાં **૫૦ (પચાસ)** બહુવૈકલ્પિક ઉત્તરોવાળા પ્રશ્નો છે. **બધા જ** પ્રશ્નોના ઉત્તરો આપવા ફરજિયાત છે.

3 પ્રત્યેક વિગતના (A), (B), (C) અને (D) એવા ચાર સંભવિત ઉત્તરો આપવામાં આવ્યા છે. તમે સ્વીકારેલા વિકલ્પનો ઉત્તર કેપિટલ (પહેલી એબીસીડી) અક્ષરમાં આપવાનો રહેશે.તમારા ઉત્તર આપેલા ચોરસમાં સરખી રીતે લખવા.

   સાચી પદ્ધતિ : [A] ખોટી પદ્ધતિ : [A , [A]

૪. આ પ્રશ્નપત્રના ઉત્તરો આઈસીઆરના ઉત્તરપત્રકમાં Paper II ની નીચે લખવાના રહેશે.

૫. અંદર આપેલી સૂચનાઓ ધ્યાનથી વાંચો.

૬. આ ઉત્તરપોથીને અંતે આપેલું પૃષ્ઠ કાચા કામ માટે છે.

૭. પ્રશ્નપત્ર લખાઈ રહે એટલે આ ઉત્તરપોથી તમારા નિરીક્ષકને આપી દેવી. પરીક્ષાખંડની બહાર કોઈપણ પ્રશ્નપત્ર લઈ જવું નહીં.

# EDUCATION
# શિક્ષણ
## PAPER-II
## પ્રશ્નપત્ર-II

*Note* :—This paper contains **fifty (50)** multiple choice questions, each carrying **two (2)** marks. Attempt *all* questions.

**નોંધ** :–આ પ્રશ્નપત્રમાં **પચાસ** (૫૦) બહુવિકલ્પ પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નના **બે** (૨) ગુણ છે. બધા જ પ્રશ્નોના ઉત્તર લખો.

1. Which of the following statement is *not* true according to Rousseau ?
   (A) Boys and girls should have similar education.
   (B) Society exerts negative influence on the education of children.
   (C) Values arise from chidlren's interaction with environment.
   (D) Education should not be hurried.
   રૂસોના મતાનુસાર નીચેનામાંથી કયું વિધાન સાચું નથી :
   (A) છોકરા અને છોકરીઓએ સમાન શિક્ષણ મેળવવું જોઈએ.
   (B) બાળકોના શિક્ષણ પર સમાજ નકારાત્મક પ્રભાવ ઊભો કરે છે.
   (C) પર્યાવરણ સાથેના બાળકોના આંતરવ્યવહારથી મૂલ્યો ઉદ્દભવે છે.
   (D) શિક્ષણ ઉતાવળે ન આપવું જોઈએ.

2. Philosophy of education necessarily includes :
   (A) Classification of goals and aims of education.
   (B) Formulation of educational policies.
   (C) Determination of all curricular inputs.
   (D) Emphasis on moral values.
   શિક્ષણની ફિલસૂફી કઈ બાબતને અનિવાર્યપણે સમાવે છે :
   (A) શિક્ષણનાં ધ્યેયો અને લક્ષ્યોનું સ્પષ્ટીકરણ.
   (B) શિક્ષણની નીતિઓની રચના.
   (C) અભ્યાસક્રમના બધા જ આગતોનું નિર્ધારણ.
   (D) નૈતિક મૂલ્યો પર ભાર.

3. "Existence precedes essence" means :

(A) Man's life begins before birth.

(B) Man has no existence, but only essence.

(C) Man's existence has no meaning.

(D) Man is born first and creates his meaning later on.

''અસ્તિત્વ સત્ત્વનું પુરોગામી છે.'' નો શો અર્થ થાય ?

(A) મનુષ્યનું જીવન જન્મ પહેલાં શરૂ થાય છે.

(B) મનુષ્યને અસ્તિત્વ નથી, માત્ર સત્ત્વ છે.

(C) મનુષ્યના અસ્તિત્વને કશો અર્થ નથી.

(D) મનુષ્ય પહેલાં જન્મ છે અને પછી પોતાના અર્થનું સર્જન કરે છે.

4. Which school of philosophy favours core-curriculum ?

(A) Idealism

(B) Realism

(C) Naturalism

(D) Existentialism

ફિલસૂફીની કઈ વિચારધારા હાર્દરૂપ અભ્યાસક્રમની તરફેણ કરે છે ?

(A) આદર્શવાદ

(B) વાસ્તવવાદ

(C) પ્રકૃતિવાદ

(D) અસ્તિત્વવાદ

5. Which of the following concept is *not* related with pragmatism ?

(A) Growth

(B) Experiential learning

(C) Learning as problem-solving

(D) Education of feelings

નીચેનામાંથી કઈ સંકલ્પના વ્યવહારવાદ સાથે સંબંધિત નથી ?

(A) વિકાસ

(B) આનુભવિક અધ્યયન

(C) સમસ્યા-ઉકેલ તરીકે અધ્યયન

(D) લાગણીઓનું શિક્ષણ

6. Logical empiricism is :
(A) A non-metaphysical philosophy
(B) A non-ethical theory
(C) A non-analytical discipline
(D) A non-experimental view of life
તર્કનિષ્ઠ અનુભવવાદ શું છે ?
(A) બિન-તત્ત્વમીમાંસીય ફિલસૂફી
(B) બિન-આચારશાસ્ત્રીય સિદ્ધાંત
(C) બિન-વિશ્લેષણાત્મક વિદ્યાશાખા
(D) જીવનનો બિન-પ્રાયોગિક દૃષ્ટિકોણ

7. Who is associated with the kindergarten pattern of education ?
(A) Rousseau (B) Pestalozzi
(C) Froebel (D) Childs
શિક્ષણની કિન્ડરગાર્ટન તરેહ સાથે કોણ સંકળાયેલું છે ?
(A) રૂસો (B) પેસ્ટાલોઝી
(C) ફ્રોબેલ (D) ચાઈલ્ડસ્

8. The concept of supramental is introduced by :
(A) Shri Aurobindo (B) Freud
(C) Jung (D) Patanjali
અધિચિત્તની સંકલ્પના કોણે રજૂ કરી ?
(A) શ્રી અરવિંદ (B) ફ્રોઈડ
(C) જુંગ (D) પતંજલિ

9. Basic Education gives the highest priority to :
(A) Learning of mother-tongue
(B) Learning through craft
(C) Learning for democratic citizenship
(D) Learning to live a simple life
બુનિયાદી શિક્ષણ મહત્તમ પ્રાધાન્ય શાને આપે છે ?
(A) માતૃભાષાનું અધ્યયન
(B) ઉદ્યોગ દ્વારા શિક્ષણ
(C) લોકશાહીય નાગરિકત્વ માટેનું અધ્યયન
(D) સાદગીપૂર્ણ જીવન માટેનું અધ્યયન

10. Which of the following beliefs is *not* held by Marxism ?

(A) Revolution is necessary for qualitative transformation of society.

(B) A classless society is the best form of society.

(C) Production oriented education is good education.

(D) Economics should not have a significant place in curriculum.

માર્કસવાદ નીચેનામાંથી કઈ માન્યતા ધરાવતો નથી ?

(A) સમાજના ગુણાત્મક રૂપાંતરણ માટે ક્રાંતિ અનિવાર્ય છે.

(B) વર્ગ–વિહીન સમાજ એ સમાજનું ઉત્તમ સ્વરૂપ છે.

(C) ઉત્પાદન કેન્દ્રી શિક્ષણ એ સારું શિક્ષણ છે.

(D) અર્થશાસ્ત્રને અભ્યાસક્રમમાં સૂચક સ્થાન આપવું ન જોઈએ.

11. Buddhistic Philosophy *does not* believe in :

(A) Momentariness

(B) Becoming world

(C) Existence of Soul

(D) The Law of Karma

બૌદ્ધ ફિલસૂફી શામાં નથી માનતી ?

(A) ક્ષણભંગવાદ

(B) પરિવર્તન પામતું જગત

(C) આત્માનું અસ્તિત્વ

(D) કર્મનો સિદ્ધાંત

12. According to Saṁkhya the normal cause of phenomenal world is :

(A) Purusha

(B) Prakriti

(C) Panchmahabhutas

(D) All of the above

સાંખ્ય અનુસાર પ્રાતિભાસિક જગતનું સામાન્ય કારણ શું છે ?

(A) પુરુષ

(B) પ્રકૃતિ

(C) પંચમહાભૂત

(D) ઉપરનાં બધાં જ

13. Avidya in Vedanta means :

(A) The ultimate ignorance

(B) The illusion about the world

(C) Maya operating in an individual's mind

(D) Forgetting of Sat, Chitta and Anand

વેદાન્તમાં અવિદ્યાનો અર્થ શો છે ?

(A) અંતિમ અજ્ઞાન

(B) જગત વિશેનો ભ્રમ

(C) વ્યક્તિના મનમાં કાર્યશીલ માયા

(D) સત્ ચિત્ત અને આનંદની વિસ્મૃતિ

14. The policy of equalization of educational opportunities between various social classes aims at equalizing their :

(A) Entry to schools (B) Financial status

(C) Achievements (D) Duration of schooling

જુદા જુદા સામાજિક વર્ગો વચ્ચે શૈક્ષણિક તકોની સમાનતા માટેની નીતિ શાની સમાનતા લાવવાનું લક્ષ્ય રાખે છે ?

(A) શાળા-પ્રવેશ (B) આર્થિક દરજ્જો

(C) સિદ્ધિ (D) ભણતરની સમયાવધિ

15. Sociological thinkers equate education with :

(A) Schooling

(B) Teaching and learning

(C) Social life through co-curricular activities

(D) Development of personality by means of social life

સમાજશાસ્ત્રીય ચિંતકો શિક્ષણને શાની સમાન ગણે છે ?

(A) ભણતર

(B) અધ્યાપન અને અધ્યયન

(C) સહાભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા સામાજિક જીવન

(D) સામાજિક જીવન દ્વારા વ્યક્તિત્વ વિકાસ

16. Socialization is :

(A) A process through which an individual adapts to his social environment.

(B) A process of acculturation.

(C) None of the above.

(D) Both of the above.

સમાજીકરણ એટલે :

(A) એવી પ્રક્રિયા જેના દ્વારા વ્યક્તિ પોતાના સામાજિક પર્યાવરણ સાથે અનુકૂળ થાય છે.

(B) સંસ્કૃતીકરણની પ્રક્રિયા.

(C) ઉપરનું એક પણ નહીં.

(D) ઉપરના બંને.

17. Social mobility means :

(A) Movement of an individual from one social class to another class.

(B) Upward movement of the entire society.

(C) Movement from rural area to urban area.

(D) Movement towards a classless society.

સામાજિક ગતિશીલતા એટલે :

(A) વ્યક્તિનું એક સામાજિક વર્ગમાંથી બીજા સામાજિક વર્ગ તરફ જવું.

(B) સમગ્ર સમાજની ઊર્ધ્વગતિ.

(C) ગ્રામથી શહેરી વિસ્તાર તરફ જવું.

(D) વર્ગવિહીન સમાજ તરફ જવું.

18. Socialization is a process that :

(A) Continues throughout the life of an individual.

(B) Continues throughout the schooling of a child.

(C) Takes place only in formal social groups.

(D) Takes place in childhood.

સમાજીકરણ એક એવી પ્રક્રિયા છે જે :

(A) વ્યક્તિના સમગ્ર જીવન દરમિયાન ચાલતી રહે છે.

(B) બાળકના ભણતર દરમિયાન ચાલતી રહે છે.

(C) ફક્ત ઔપચારિક સામાજિક જૂથમાં શક્ય બને છે.

(D) બાલ્યાવસ્થામાં શક્ય બને છે.

19. Political socialization means :

(A) Citizenship education.

(B) Active participation in elections.

(C) Mastering the sociology of political science.

(D) Training the political leaders.

રાજકીય સમાજીકરણ એટલે :

(A) નાગરિકત્વ માટેનું શિક્ષણ.

(B) ચૂંટણીમાં સક્રિય સહભાગિતા.

(C) રાજનીતિ વિજ્ઞાનના સમાજશાસ્ત્રમાં નિપુણતા.

(D) રાજનૈતિક નેતાઓની તાલીમ.

20. Which of the following statements is *not* true ?

(A) Education is a pre-requisite of economic development.

(B) Educational system provides labour force for the economy.

(C) Education helps in human resource development.

(D) Higher education is the most significant factor for economic development.

નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) આર્થિક વિકાસ માટે શિક્ષણ આવશ્યક છે.

(B) શૈક્ષણિક પ્રણાલિ અર્થતંત્ર માટે શ્રમબળ પૂરું પાડે છે.

(C) શિક્ષણ માનવ સંસાધન વિકાસમાં મદદ કરે છે.

(D) આર્થિક વિકાસ માટે ઉચ્ચ શિક્ષણ સૌથી વધુ સૂચક પરિબળ છે.

21. Endogenous social change could be caused by :

(A) Invasion

(B) Planning

(C) Colonization

(D) Culture contact

અંદરથી ઉદ્દભવતા સામાજિક પરિવર્તનનું કારણ કયું હોઈ શકે ?

(A) આક્રમણ

(B) આયોજન

(C) સંસ્થાનીકરણ

(D) સાંસ્કૃતિક સંપર્ક

22. Education :

(A) forms a continuum

(B) is a single commodity

(C) is a homogeneous service

(D) none of the above

શિક્ષણ :

(A) સાતત્યનું નિર્માણ કરે છે

(B) એક સમગ્ર વસ્તુ છે

(C) એક સમરૂપ સેવા છે

(D) ઉપરનું એક પણ નહીં

23. Which of the following is the most influential constraint on modernization of Indian Society ?

(A) Wide-spread illiteracy.

(B) Multiplicity of religions.

(C) Large amount of tribal population.

(D) A powerful heritage of culture.

ભારતીય સમાજના આધુનીકરણમાં કયો અવરોધ સૌથી વધુ પ્રભાવશાળી છે ?

(A) અતિ–વ્યાપ્ત નિરક્ષરતા.

(B) ધર્મોની બહુલતા.

(C) આદિવાસી સમાજની ખૂબ મોટી વસ્તી.

(D) સંસ્કૃતિનો પ્રભાવશાળી વારસો.

24. Social change in India is constrained due to :

(A) Religious diversity

(B) Linguistic plurality

(C) Rigidities of caste-structures

(D) Multiplicity of ethnic groups

ભારતમાં સામાજિક પરિવર્તનને કયું પરિબળ અવરોધરૂપ છે ?

(A) ધાર્મિક વૈવિધ્ય

(B) ભાષાકીય બહુવાદિતા

(C) જ્ઞાતિના માળખાની જડતા

(D) વાંશિક જૂથનું બાહુલ્ય

25. Match 'A' with 'B' and find out the correctly matched series :

| A | | B | |
|---|---|---|---|
| (O) | Democracy | (S) | Common rites |
| (P) | Stratification | (T) | Equal rights |
| (Q) | Religion | (U) | Equal prestige |
| (R) | Culture | (V) | Common beliefs |

(A) O—S P—V Q—T R—U

(B) O—T P—U Q—S R—V

(C) O—U P—S Q—T R—V

(D) O—S P—T Q—U R—V

'અ' અને 'બ' વિભાગને જોડો અને સાચી રીતે જોડેલી શ્રેણી દર્શાવો :

| અ | | બ | |
|---|---|---|---|
| (O) | લોકશાહી | (S) | સર્વસામાન્ય વિધિઓ |
| (P) | સ્તરીકરણ | (T) | સમાન હકકો |
| (Q) | ધર્મ | (U) | સમાન પ્રતિષ્ઠા |
| (R) | સંસ્કૃતિ | (V) | સર્વસામાન્ય માન્યતાઓ |

(A) O—S P—V Q—T R—U

(B) O—T P—U Q—S R—V

(C) O—U P—S Q—T R—V

(D) O—S P—T Q—U R—V

26. "A person feels good when he knows he is accepted by others." This is an example of :

(A) The need for belongingness

(B) Self-actualization needs

(C) Esteem needs

(D) Safety needs

''જ્યારે વ્યક્તિ જાણે કે બીજાઓ તેનો સ્વીકાર કરે છે ત્યારે તેને સારું લાગે છે.'' આ શાનું ઉદાહરણ છે ?

(A) સ્વજનપણાની આવશ્યકતા

(B) સ્વ-સાક્ષાત્કારની આવશ્યકતા

(C) સન્માનની આવશ્યકતા

(D) સલામતીની આવશ્યકતા

27. A gifted child possesses the following quality :

(A) High intelligence

(B) Exceptional academic performance

(C) Creativity

(D) All of the above

પ્રતિભાશાળી બાળકમાં નીચેનો ગુણ હોય છે :

(A) ઉચ્ચ બુદ્ધિમત્તા

(B) અપવાદરૂપ શૈક્ષણિક સિદ્ધિ

(C) સર્જનશીલતા

(D) ઉપરના બધાં જ

28. Interference theory implies :

(A) Positive transfer of learning

(B) Negative transfer of learning

(C) Both of the above

(D) None of the above

હસ્તક્ષેપ સિદ્ધાંત શું સૂચવે છે :

(A) અધ્યયનનું સકારાત્મક સંક્રમણ

(B) અધ્યયનનું નકારાત્મક સંક્રમણ

(C) ઉપરના બંને

(D) ઉપરમાંથી એક પણ નહીં

29. The inability to function normally through one or more of the senses signifies :

(A) Sensory impairment

(B) Mental retardation

(C) Communication disorder

(D) Learning disability

એક અથવા વધુ ઈંદ્રિયો દ્વારા સામાન્ય કાર્ય કરવાની ક્ષમતા ન હોવી તે શું દર્શાવે છે ?

(A) ક્રિયાત્મક ખામી

(B) માનસિક પછાતપણું

(C) પ્રત્યાયનમાં મુશ્કેલી

(D) અધ્યયન અક્ષમતા

30. Acceleration implies :

(A) The advanced intellectual process through which we understand meanings.

(B) The process of immediate adjustment to internal/external conditions that affect intelligence.

(C) The ability to use higher order intellectual skills.

(D) The advancement of a gifted student to a higher grade level.

પ્રવેગીકરણ શું સૂચવે છે ?

(A) પ્રગત બૌદ્ધિક પ્રક્રિયાઓ જેના દ્વારા આપણે અર્થ સમજીએ છીએ.

(B) બુદ્ધિને અસર કરતી આંતરિક બાહ્ય પરિસ્થિતિ સાથે તાત્કાલિક અનુકૂલન સાધવાની પ્રક્રિયા.

(C) ઉચ્ચ શ્રેણીના બૌદ્ધિક કૌશલો પ્રયોજવાની શક્તિ.

(D) પ્રતિભાશાળી વિદ્યાર્થીને એક ઉચ્ચ ધોરણ ઉપર મૂકવો તે.

31. The theory that through perception people can put things together, which results in learning and problem solving is called :

(A) Insight learning (B) Reinforcement theory

(C) Field theory (D) Connectionism

પ્રત્યક્ષીકરણ દ્વારા વ્યક્તિ સંયોજન કરે છે અને તે અધ્યયન તથા સમસ્યા ઉકેલમાં પરિણમે છે—આ સિદ્ધાંતને કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) આંતરસૂઝ અધ્યયન (B) સુદૃઢીકરણ સિદ્ધાંત

(C) ક્ષેત્ર સિદ્ધાંત (D) જોડાણવાદ

32. When a person is equally attracted towards two goals when only one can be reached, the conflict that arises is :

(A) Approach-avoidance (B) Avoidance-avoidance

(C) Approach-approach (D) Conflict-compromise

જ્યારે કોઈ વ્યક્તિ બે સમાન રીતે આકર્ષક ધ્યેય ધરાવતી હોય અને તેમાંનું એક જ પ્રાપ્ત થઈ શકે તેમ હોય, તો નિર્માણ થતા સંઘર્ષનો પ્રકાર કયો છે ?

(A) અભિગમન-વિગમન (B) વિગમન-વિગમન

(C) અભિગમન-અભિગમન (D) સંઘર્ષ-સમાધાન

33. The process through which we acquire emotions and temperament associated with own feeling state is called :

(A) Psycho-motor learning

(B) Holistic learning

(C) Effective learning

(D) Affective learning

આપણી ભાવસ્થિતિ સાથે સંબંધિત સંવેગો અને મનોવેગને આપણે જે પ્રક્રિયાથી અર્જિત કરીએ છીએ તેને કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) મનોશારીરિક અધ્યયન

(B) સમગ્રતાલક્ષી અધ્યયન

(C) અસરકારક અધ્યયન

(D) ભાવાત્મક અધ્યયન

34. Hierarchical learning signifies :

(A) A chain of recognition of and satisfaction with our own behaviour.

(B) Something in the environment that is designed to represent the real things.

(C) The ability to move towards goals is small steps.

(D) The arrangement of acquired reasons from simple to complex.

શ્રેણીય અધ્યયન શું સૂચવે છે ?

(A) આપણા જ વર્તનની સ્વીકૃતિ અને તેના માટેના સંતોષની શૃંખલા.

(B) પર્યાવરણમાં રહેલું કશુંક કે જે ખરી વસ્તુઓને રજૂ કરવા માટે રચાયેલું છે.

(C) નાનાં સોપાનો દ્વારા ધ્યેય તરફ જવાની શક્તિ.

(D) સરળથી સંકુલ તરફ જતાં કારણોની અર્જિત કરેલી વ્યવસ્થા.

35. An effective class-room teacher is the one who :

(A) has a mastery over his subject.

(B) maintains discipline in the class.

(C) possesses good communication skills.

(D) knows his students well.

અસરકારક વર્ગ–શિક્ષક કોને કહેવાય ?

(A) જેને પોતાના વિષયમાં નિપુણતા હોય.

(B) જે વર્ગમાં શિસ્ત જાળવી શકે છે.

(C) જે સારી પ્રત્યાયન શક્તિ ધરાવે છે.

(D) જે તેના વિદ્યાર્થીઓને સારી રીતે ઓળખે છે.

36. According to Field theory a person's behaviour depends on continuous interaction between :

(A) Heredity and learning.

(B) Heredity and acquired abilities.

(C) The person and his life-needs.

(D) The person and his environment.

ક્ષેત્ર–સિદ્ધાંત અનુસાર વ્યક્તિનું વર્તન શાની સાતત્યપૂર્ણ આંતરક્રિયા પર અવલંબે છે ?

(A) વારસો અને અધ્યયન.

(B) વારસો અને અર્જિત કરેલી શક્તિઓ.

(C) વ્યક્તિ અને તેની જીવન-આવશ્યકતાઓ.

(D) વ્યક્તિ અને તેનું પર્યાવરણ.

37. Which method of learning is advocated by connectionism ?

(A) Learning by insight (B) Trial and error

(C) Heuristic learning (D) Learning by doing

જોડાણવાદ કઈ અધ્યયન પદ્ધતિનું સમર્થન કરે છે ?

(A) આંતરસૂઝ દ્વારા અધ્યયન (B) પ્રયત્ન અને ભૂલ

(C) શોધલક્ષી અધ્યયન (D) ક્રિયા દ્વારા અધ્યયન

38. A researcher wants to study effectiveness of three methods of teaching, for this, most appropriate method of research is :

(A) Survey (B) Historical

(C) Experimental (D) None of these

સંશોધકે શીખવવાની ત્રણ પદ્ધતિઓની અસરકારકતાનો અભ્યાસ કરવો છે. આ માટે સૌથી યોગ્ય સંશોધન પદ્ધતિ :

(A) સર્વેક્ષણ (B) ઐતિહાસિક

(C) પ્રાયોગિક (D) આ ત્રણ પૈકી એકેય નહીં

39. The objective of sociometry is the discovery of :

(A) Social distance (B) Group cohesiveness

(C) Interaction pattern (D) All the three

સામાજિકતામિતિનો હેતુ શું શોધવાનો છે ?

(A) સામાજિક અંતર (B) જૂથ એકાત્મતા

(C) આંતરિક તરેહ (D) આ ત્રણેય

40. When population is homogeneous, the best method of sampling is :

(A) Random

(B) Purposive

(C) Cluster

(D) Incidential

વ્યાપવિશ્વ સમાંગ હોય ત્યારે નિદર્શ પસંદગીની ઉત્તમ પદ્ધતિ છે :

(A) યાદૃચ્છ

(B) હેતુપૂર્ણ

(C) ઝૂમખા

(D) આકસ્મિક

41. Which statement is incorrect ?

(A) Dichotomus variables are discontinuous

(B) Discontinuous variables are dichotomus

(C) Discontinuous variables can be dichotomized

(D) Continuous variables can be dichotomized

કયું વિધાન ખોટું છે ?

(A) દ્વિશાખી ચલો અસતત હોય છે.

(B) અસતત ચલો દ્વિશાખી હોય છે.

(C) અસતત ચલો દ્વિશાખી કરી શકાય છે.

(D) સતત ચલો દ્વિશાખી કરી શકાય છે.

42. "Mean achievement of students studied through Lecture method will differ from that of the students studied through PLM." Type of hypothesis will be :

(A) Directional (B) Non-directional

(C) Null (D) None of the three

''વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સરાસરી સિદ્ધિ, અભિક્રમિત અધ્યયન દ્વારા અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની તુલનામાં જુદી હશે.'' આ ઉત્કલ્પનાનો પ્રકાર :

(A) દિશાસૂચક છે (B) બિન દિશાસૂચક છે

(C) નિરાકરણીય છે (D) આ ત્રણ પૈકી એકેય નહીં

43. Which of the following is *not* a method for estimating reliability ?

(A) KR-20 (B) Test-retest

(C) Split-half (D) Factor analysis

નીચેના પૈકી કઈ પદ્ધતિ વિશ્વસનીયતા પ્રસ્થાપિત કરવા માટે નથી ?

(A) KR-20 (B) કસોટી-પુનઃકસોટી

(C) અર્દ્ધ-વિચ્છેદ (D) અવયવ પૃથક્કરણ

44. In order to analyse data through chi-square, the measurement of variable should be :

(A) Interval scale (B) Ordinal scale

(C) Nominal scale (D) Ratio-scale

કાઈ-વર્ગ દ્વારા માહિતીનું પૃથક્કરણ કરવા માટે ચલના માપનની પદ્ધતિ હોવી જોઈએ :

(A) અંતર અંક (B) ક્રમાંક

(C) ઓળખ અંક (D) ગુણોત્તર અંક

45. When both the variables are continuous and out of which one variable is dichotomous, to find correlation between them, we use :

(A) Bi-serial (B) Tetrachoric

(C) Product moment (D) Rank difference

જયારે બે ચલ સતત હોય અને તે પૈકીનો એક ચલ દ્વિશાખી હોય ત્યારે તેમની વચ્ચેનો સહસંબંધ ગણવા માટે ઉપયોગમાં લેવાતી પદ્ધતિ :

(A) દ્વિશ્રેણિક (B) ચતુષ્કોષ્ઠિક

(C) પરિબળ ગુણાકાર (D) ક્રમાંક તફાવત

46. If the value of Kurtosis is 0.263, what would be the nature of distribution ?

(A) Platy Kurtic (B) Lepto Kurtic

(C) Meso Kurtic (D) None of the three

જો કકુદતાનું મૂલ્ય 0.263 હોય, તો તે વિતરણનો પ્રકાર કયો થાય ?

(A) ચર્પટ કકુદતા (B) કૂટ કકુદતા

(C) સામાન્ય કકુદતા (D) આ ત્રણ પૈકી એકેય નહીં

47. Mean achievement of 10 students is 50. If five is added to each score, what would be resulting mean ?

(A) 10 (B) 250

(C) 45 (D) 55

દસ વિદ્યાર્થીઓની સરાસરી સિદ્ધિ 50 છે. જો દરેક પ્રાપ્તાંકમાં પાંચ ઉમેરવામાં આવે તો અંતિમ સરાસરી કેટલી થશે ?

(A) 10 (B) 250

(C) 45 (D) 55

48. Which one is the correct formula for computing standard error of multiple correlation ?

(A) $\frac{1-R^2}{\sqrt{N+m}}$ (B) $\frac{1-R^2}{\sqrt{N-m}}$

(C) $\frac{1+R^2}{\sqrt{N+m}}$ (D) $\frac{1+R^2}{\sqrt{N-m}}$

બહુચલીય સહસંબંધની પ્રમાણભૂલ ગણવા માટેનું કયું સૂત્ર સાચું છે ?

(A) $\frac{1-R^2}{\sqrt{N+m}}$ (B) $\frac{1-R^2}{\sqrt{N-m}}$

(C) $\frac{1+R^2}{\sqrt{N+m}}$ (D) $\frac{1+R^2}{\sqrt{N-m}}$

49. Relationship between Mean, Median and Mode is determined by :

(A) Mode = 3 Median – 2 Mean (B) Mode = 3 Median + 2 Mean

(C) Mode = 2 Median – 3 Mean (D) Mode = 2 Median + 3 Mean

મધ્યક, મધ્યસ્થ અને બહુલક વચ્ચેનો સંબંધ દર્શાવવાનું સૂત્ર :

(A) બહુલક = 3 મધ્યસ્થ – 2 મધ્યક (B) બહુલક = 3 મધ્યસ્થ + 2 મધ્યક

(C) બહુલક = 2 મધ્યસ્થ – 3 મધ્યક (D) બહુલક = 2 મધ્યસ્થ + 3 મધ્યક

50. In which research statistical hypothesis is not used ?

(A) Experimental (B) Ex-Post-Facto

(C) Qualitative (D) Descriptive

કયા સંશોધનમાં અંકશાસ્ત્રીય ઉત્કલ્પના વપરાતી નથી ?

(A) પ્રાયોગિક (B) એક્સ-પોસ્ટ-ફેક્ટો

(C) ગુણાત્મક (D) વર્ણનાત્મક

## ROUGH WORK

## ROUGH WORK

SEAL